ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેકસ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૧૧૬/૧૯–૨૦/ 3532 તારીખ : 14 OCT 2020

**આર.પી.એ.ડી.**

કેસ નં.૧૧૬/૧૯–૨૦

પ્રતિ,
**શ્રી પચાણભાઈ ભગવાનભાઈ મોરી,**
**કે/ઓ ભદ્રેશભાઈ પચાણભાઈ મોરી,**
૪૪, ચામુંડા પાર્ક સોસાયટી,
૮૦ ફૂટ રોડ, દેશળ ભગતની વાવ પાસે,
**સુરેન્દ્રનગર.**
**મો.નં. ૯૪૨૬૯ ૮૪૯૩૪**

**વિષય : મીટરમાં ફોલ્ટ હોવા અંગેની રજૂઆત બાબત.**
સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૨૭/૧૨/૨૦૧૯ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૩૦/૧૨/૨૦૧૯.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૧૬/૧૯–૨૦/૧૧૪ તા.૨/૧/૨૦૨૦.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૧૬/૧૯–૨૦/૮૯૭ તા.૨૫/૨/૨૦૨૦.
(૪) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૧૬/૧૯–૨૦/૧૯૧૭ તા.૯/૬/૨૦૨૦.
(૫) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૧૬/૧૯–૨૦/૩૩૪૯ તા.૨૫/૯/૨૦૨૦.

શ્રીમાન,
આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ તા.૦૭/૦૩/૨૦૨૦લ તા.૨૦/૦૬/૨૦૨૦ તથા તા.૦૭/૧૦/૨૦૨૦ નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

બિડાણ:– ઉપર મુજબ.

પ્રતિ: કાર્યપાલક ઈજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ
વિભાગીય કચેરી, **સુરેન્દ્રનગર.**
*........ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:–**
૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, સુરેન્દ્રનગર.
૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, શહેર પેટા વિભાગીય કચેરી–૨, સુરેન્દ્રનગર.
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર –૧૧૬/૧૯–૨૦** ☜

વાદી :– **શ્રી પચાણભાઈ ભગવાનભાઈ મોરી,**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **રજુઆતની તારીખઃ– તા.૦૭/૦૩/૨૦૨૦ તથા તા.૦૭/૧૦/૨૦૨૦** ◈

હાજર રહયા :– **શ્રી ભદ્રેશભાઈ પી મોરી** – (વાદી ના પુત્ર )

પ્રતિવાદી :– **શ્રી એમ.વી.ઝાલા, નાયબ ઈજનેર, વીભાગીય કચેરી, સુરેન્દ્રનગર.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી પચાણભાઈ ભગવાનભાઈ મોરી, સુરેન્દ્રનગર ની મીટરમાં ફોલ્ટ હોવા અંગેની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૧૧૬/૧૯–૨૦ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગર ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૧૬/૧૯–૨૦/૧૧૪ તા.૨/૧/૨૦૨૦ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બાબતમાં લેખીત / મૌખીક રજુઆત કરવા **તા.૦૭/૦૩/૨૦૨૦, તા.૨૦/૦૬/૨૦૨૦, તથા તા.૦૭/૧૦/૨૦૨૦** નાં રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં વાદી શ્રી પચાણભાઈ ભગવાનભાઈ મોરી વતી તેમના પુત્ર શ્રી ભદ્રેશભાઈ પી મોરી **તા.૦૭/૦૩/૨૦૨૦ તથા તા.૦૭/૧૦/૨૦૨૦** ના રોજ હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી એમ.વી.ઝાલા–નાયબ ઈજનેર, **વીભાગીય** કચેરી, સુરેન્દ્રનગર ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆતઃ– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ વાદી શ્રી પચાણભાઈ ભગવાનભાઈ મોરી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર ના તાબા હેઠળ આવેલ શહેર પેટા વિભાગીય કચેરી–૨, સુરેન્દ્રનગર ના ગ્રાહક છે. જેનો ગ્રાહક નં– ૭૨૬૦૮/૦૩૨૩૫/૪ છે. સદર ગ્રાહકનો કુલ લોડ ૨.૨૫ કિ.વો. ધરાવે છે.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

૧.૨ શ્રી પચાણભાઈ ભગવાનભાઈ મોરી એ રજૂઆત કરેલ છે કે, તા.૧૧/૦૭/૨૦૧૮ ના રોજ તેઓના ઘરવપરાશ નાં વિજ બિલ ૧૮૦૧ યુનિટ નું રૂા. ૧૨૬૮૭/૩૪ આપવામાં આવેલ હતું. જે વિજ વપરાશ કરતા ઘણું વધારે અસામાન્ય છે.

૧.૩ વાદી દ્વારા તા.૧૩/૦૭/૨૦૧૮ ના રોજ મીટર બદલવાની અરજી કરેલ હતી. તેમ છતાં, માર્ચ–૨૦૧૯ સુધી મીટર બદલી આપવામાં આવેલ નહી. જેથી, તા.૧૮/૦૩/૨૦૧૯ ના રોજ ફરી મીટર બદલવાંની અરજી કરેલ, જે પછી તા.૧૨/૦૭/૨૦૧૯ ના રોજ મીટર બદલી આપવામાં આવેલ હતું. પરંતુ, તેઓનું મીટર લેબોરેટરીમાં ખોલવામાં આવેલ છે કે નહી, તેની જાણ કરવામાં આવેલ નહી હોવાની રજૂઆત કરેલ છે.

☞ <u>પ્રતિવાદીશ્રીની રજૂઆતઃ– તેમની રજૂઆત છે કે,</u>

૨.૧ વાદી દ્વારા મીટરમાં ફોલ્ટ હોવા અંગેની રજૂઆત મળતાં, તેઓનું મીટર તા.૧૨/૦૭/૨૦૧૯ ના રોજ બદલવામાં આવેલ હતુ.

૨.૨ વાદી નું મીટર તા.૨૯/૦૭/૨૦૧૯ ના રોજ લેબ માં ખોલવામાં આવેલ હતુ. લેબમાં સદર મીટર ની તપાસણી કરતાં, મીટરમાં કોઈપણ જાતની ખામી જણાતી ન હતી. જે લેબના રીપોર્ટ ની નકલ આ સાથે સામેલ છે.

૨.૩ લેબ અધિકારી દ્વારા સદર મીટર નો એમ.આર.આઈ રીપોર્ટ નહી નીકળતા, સદર મીટર વધુ ટેસ્ટીગ માટે કંપનીમાં મોકલવામાં આવેલ હતો. જે રીપોર્ટ આવી ગયેલ હોય, તેની નકલ આ સાથે સામેલ છે. જે આપ સાહેબશ્રી ની જાણ સારૂ.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar.

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજૂઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી પચાણભાઈ ભગવાનભાઈ મેરી, સુરેન્દ્રનગર શહેર વિસ્તારમાં ગ્રાહક નં– ૭૨૬૦૮/૦૩૨૩૫/૪ થી સીગલ ફેઈઝ ઘરવપરાશનું વિજ જોડાણ ધરાવે છે.

૩.૨ વાદીએ તા.૧૬/૦૩/૨૦૧૮ થી તેના પ્રીમાઈસીસ પર સોલાર રૂફટોપ ઈન્સ્ટોલ કરેલ છે. અને પ્રતિવાદી એ તેના માટે સોલાર જનરેશન (Export) તેમજ બીજું મીટર (Import) એમ બે મીટર ઈન્સ્ટોલ કરેલ છે.

૩.૩ પ્રતિવાદી એ તા.૧૧/૦૭/૨૦૧૯ ના રોજ વાદીને ૧૮૦૧ યુનિટની વિજ વપરાશ નું બિલ આપેલ છે. જે વાદીને માન્ય ન હોય, ફોરમને રજૂઆત કરેલ છે.

૩.૪ વાદીની તા.૧૩/૦૭/૨૦૧૮ ના રોજ મીટર બદલવાની અરજી પરથી, પ્રતિવાદી એ તા.૧૨/૦૭/૨૦૧૯ ના રોજ મીટર બદલી આપેલ. જે મીટરનું લેબ પરીક્ષણ કરતા, મીટરમાં કોઈ ખામી જણાયેલ નહિ.

૩.૫ પ્રતિવાદી એ તેની લેખિત રજૂઆત માં વાદીના વિજ જોડાણના વપરાશની તેમજ સોલાર જનરેશન ના યુનિટ (Export) માટે સ્ટેટમેન્ટ આપેલ છે. તે સ્ટેટમેન્ટ મુજબ, મે–જુન બિલ્ડ ઈન જુલાઈ માસ દરમ્યાન, પીજીવીસીએલ ના વપરાશની યુનિટ ૧૮૦૧ તેમજ સોલાર જનરેશન (Export) યુનિટ ૯૨ બતાવેલ છે. તે મુજબ ખરેખર, પ્રતિવાદી એ વાદી ને ૧૮૦૧ – ૯૨ = ૧૭૦૯ નેટ યુનિટની વપરાશનું બિલ આપવું જોઈએ. તેને બદલે, પ્રતિવાદી એ વાદી ને ૧૮૦૧ યુનિટનું વપરાશનું બિલ આપેલ છે. આમ, મે–જુન –૨૦૧૮ માસ દરમ્યાન, વાદી ની પીજીવીસીએલ ના સપ્લાય ની વપરાશ ૧૭૦૯ હતી.

૩.૬ પ્રતિવાદી એ મીટરની કંપની HPL Electric & Power Ltd. કંપનીને મીટર નં–SPBV 000251 ના એમ.આર.આઈ.માટે કંપનીને મોકલેલ. કંપની તરફથી રીપોર્ટ આવેલ કે, " We have tried to retrieve The meter data but unable to retrieve the same, NVRAM of the meter has gone faulty. " The meter is faulty." આમ, કંપની ના તા.૨૫/૦૮/૨૦૨૦ ના લેટર મુજબ મીટરનો એમ.આર.આઈ ડેટા મળી શકેલ **નથી**

૩.૭ વાદી એ તા.૨૯/૦૭/૨૦૧૯ ના રોજ મીટરના પેરામીટર નોંધેલ છે. જે ફોરમને રજૂ કરેલ છે. મીટર ના પેરામીટર્સ માં મીટરના Import KWH તેમજ Export KWH ની ૬ હિસ્ટ્રી મુજબ મીટર ના પેરામીટર્સ માં દર્શાવેલ રીડીગ વાદીના જે તે માસના વિજ વપરાશ ના રીડીગ સાથે મળતા આવેલ.

P.G.V.C.L. Bhavnagar

૩.૮ વાદીએ ફોરમને રજૂઆત કરેલ છે કે, તેઓની તા.૧૩/૦૭/૨૦૧૮ ના રોજ ની મીટર બદલાવવાની અરજી પરથી, પ્રતિવાદી એ તા.૧૨/૦૭/૨૦૧૯ ના રોજ મીટર બદલાવેલ છે. જયારે, પ્રતિવાદી એ ફોરમને જણાવેલ છે કે, વાદી એ જો મીટર ફાસ્ટ હોય તો, તેનો ટેસ્ટીંગ ચાર્જ ભરવો જરૂરી છે. જે વાદી એ તા.૨૯/૦૭/૨૦૧૯ ના રોજ ભરપાઈ કરેલ છે. એટલે કે, મીટર લેબમાં ટેસ્ટીંગ કરેલ છે.

૩.૯ પ્રતિવાદી એ રજૂ કરેલ વાદીના Export અને Import મુજબ ની વિજ વપરાશ મે–જુન બિલ્ડ ઈન જુલાઈ–૧૮ થી જુલાઈ–૧૯ સુધીની ધ્યાનમાં લેતાં એવું જણાય છે કે, તા.૧૧/૦૭/૨૦૧૮ પછી જુલાઈ–૧૯ સુધીના સમય દરમ્યાન, વાદીના વિજ સ્થાપન ના બન્ને મીટર ની વિજ વપરાશ યોગ્ય છે. જે પ્રતિવાદી એ પણ જણાવેલ છે.

૪.૦ ઉપર મુજબના અવલોકન તથા રજૂ કરાયેલ દસ્તાવેજ અને રેકર્ડ પરથી જણાય છે કે, વાદીનું વિજ સ્થાપન નું મીટર લેબમાં બરાબર જણાયેલ છે. તેમજ Accucheck ટેસ્ટ મુજબ મીટરની એકયુરેસી 0.63 % આવેલ છે. તેમજ વાદીના મીટરમાં તા.૧૧/૦૭/૨૦૧૮ પછી ના દરેક દ્વીમાસિક બિલમાં નોંધાયેલ વિજ વપરાશ પણ બરાબર છે. આથી, એવું જણાય છે કે, મે–જુન બિલ્ડ ઈન જુલાઈ–૧૮ દરમ્યાન, વાદીના વિજ મીટરમાં નોંધાયેલ વિજ વપરાશ ૧૭૦૯ યુનિટ બરાબર છે.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

## –:: હુકમ ::–

- વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અનેઉપરના તારણો પરથી હુકમ કરવામાં આવે છે કે, ‘‘ પ્રતિવાદી એ વાદી ને આપેલ ૧૮૦૧ યુનિટ ના વપરાશ (મે–જુન બિલ્ડ ઈન જુલાઈ–૧૮) નું બિલ રદ કરી વાદીને ૧૭૦૯ યુનિટ ના વિજ વપરાશનું બિલ આપવું. જે વાદી એ ભરવાપાત્ર છે.’’

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

(શ્રીમતી જે.એમ.મહેતા)
સ્વતંત્ર સભ્યશ્રી

ગેરહાજર
(પી. એન. અજાકીયા)
ટેકનીકલ સભ્યશ્રી

(એમ. આર.વજરીયા)
અધ્યક્ષશ્રી,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.

તારીખ :– ૦૭/૧૦/૨૦૨૦.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar.